વાંચો વિચારો અને ખરીદો.

ઘર સંસાર સુધારણાનું સર્વોત્તમ સાધન.

૭૦૭૬

સુન્દર-પ્રિયા

પ્રથમ ભાગ.

પ્રગટ કર્તા,

કાળીદાસ મોતીચંદ.

મદનગોપાળની હવેલી—**સુતારવાડાની પોળ,**

અમદાવાદ.

અમદાવાદ
યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત ૧૯૫૫.—સને ૧૮૯૮.

કિમ્મત

આવી અર

બીજા ભાગ માટે એક આનો મોકલી નામ નોંધાવો. પોસ્ટેજ જુદું.

સહજ સૂચના.

પ્રિય પાઠકગણ ! આજ કાલ જનસમુદાયમાં ગદ્ય પદ્યાત્મક પુસ્તકો વાંચવાનો શોખ સામાન્ય લોકોમાં દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે, અને તેમાં પણ જો નાટકાદિના આધુનિકકાળના નવી ઢબછબના ઇંગ્રેજી રાહમાં ગાયનો હોય તો તે પ્રત્યે પ્રજાનું તરત વલણ થતું હોવાથી, અમોએ જન સમુદાયના વલણને અનુસરી તેવીજ ઢબ છબનાં ગાયનો સહ 'સુન્દર–પ્રિયા' નો પહેલો ભાગ પ્રકટ કર્યો છે, આ અમારો પ્રથમ પ્રયાસ છે, જેથી તેમાં કોઈ પણ દોષ હોય તો તે તરફ સજ્જનો દુર્લક્ષ દાખવી, હંસની પેઠે ગુણગ્રાહી થશો. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. 'सर्वज्ञएकोहरिः' એક ઈશ્વર સર્વજ્ઞ છે. દેશોન્નતિના ચાર પ્રકાર છે, ગ્રન્થ લેખન, વકૃત્વ, વર્ત્તન અને નાટ્ય પ્રયોગ, આપણો દેશ આ સર્વ બાબતોમાં અત્યારે પછાત છે, પૂર્વના સમાન તેની જાહોજલાલી આધુનિક કાળમાં નથી, અને યુરોપાદિ પાશ્ચિમાત્ય દેશો અત્યારે ઉપર કહેલા સર્વ પ્રકારોમાં અગ્રગણ્ય હોવાથી તેનો કીર્ત્તિચન્દ્ર દિગન્ત પર્યન્ત પ્રકાશી રહ્યો છે આપણને પણ નામદાર ભારતેશ્વરી રાજ્ય માતા મહારાણી સાહેબનાં રૂડાં રાજ્ય તંત્ર તળે સર્વ પ્રકારની છુટ છે. પ્રજાને પૂર્વના રાજ્યકર્ત્તાઓ કરતાં હાલના રાજ્યમાં ઘણું સુખ છે, તો તેવા સુખના સમયમાં આપણે આપણું કર્ત્તવ્ય શું છે? તે સમજીને દરેક કાર્ય કરવું ઘટે છે, અને આપના ઉપર આ નેક ન્યાયી રાજ અવિચલ રહો એ ઈશ્વર પાસે માગવું ઘટે છે.

આ પુસ્તકમાં પતિવ્રતા સ્ત્રીઓ કેટલું સંકટ સહન કરી પોતાનું પાતિવ્રત જાળવી રાખે છે, તે પતિવ્રતાના ધર્મ, બન્ધુ ધર્મ નોકરની નિમક હલાલી, ક્ષત્રિય ધર્મ વિગેરે વિગેરે ઘણી બાબતો ઉપર સારી રીતે વિવેચન કરવામાં આવેલું છે અને હજી પાછળના ભાગોમાં સ્ફુટ વિવેચન કરવામાં આવશે. જેથી પ્રત્યેક કુટુમ્બનાં માણસોને આ પુસ્તકની એક નકલ ખરિદવા અમારી ભલામણ છે.

અમદાવાદ.
નવીન વર્ષ. } **કર્ત્તા.**

મુખ્ય પાત્રોનાં નામો.

સૂત્રધાર—	નાટકાચાર્ય.
નટી—	સુત્રધારની સ્રી.
પ્રિયાગૌરી—	નાટકની નાયકા.
વસંતિકા—	પ્રિયાગૌરીની મુખ્ય સખી.
સુંદરસેન—	નાટકનો નાયક.
ચંદ્રસેન—	સુંદરનો નાનો ઓરમાન ભાઈ.
સજજનસિંહ—	સુંદરનો પિતા.
વિજય—	પ્રધાન પુત્ર.
માલતી—	ચંદની મા.

કેશરી, જયસિંહ, અજીત, રાક્ષસ, જાદુગર, પ્રધાન, દાસી, ચોપદાર, સૈનાધિપતિ, વૈદ્યરાજ, વગેરે વગેરે.

॥श्री रामचंद्रायनमः॥

સુન્દર-પ્રિયા

૧૦૭૬

ભાગ ૧ લો.

નાન્દી (મંગળાચરણ.)

(૧)

સૂત્રધાર—જય ગીરિ તનયા વર તું,
ત્રિભૂવન પર અચળ, અમલ ધર, કંઠસ્થળ, વિષધર, લંબોદર પિતુ તું. જય.
ભાલચંદ્ર, સિરજહર, જાન્હવીધર, ચર્માંબરધર, ઉપવીત અહિધર,
ધારી પિશાચ દળ, કરધર ત્રિશૂળ, શૃંગી ડમરૂધર, સૂરવર તું. જય.
પ્રણમી તુજપદ એહ યાચીએ, વિત્તર, કીટીતક, તકધૂમ, કીટીતક, ધાત્રુમ, ધીત્તા,
સાનીસા, સાનીધનીસા, સાનીધપધનીસા,
સાનીધપમપધનીસા, સાનીધપમગમપધનીસા,
સારેનીસા, નૂતન નાટય મંગળ કર તું. જય.

પ્રેમ ભાવથી જો ઈશ્વરની આટલી આરાધના થાય તો ઘણી છે, હવે ઘેર જઈ મારી પ્રિયાનો અભિપ્રાય લઈ નાટકનો આરંભ કરવો જોઇએ. (આમ તેમ ફરીને જોયા બાદ) અરે ! હું જ્યાં ઘેર જવા વિચાર કરતો હતો તેટલામાં પ્રિયાનુંજ આવવું થયું, એ શુભ ચિન્હ જણાય છે. (નટીને) પ્રિયે ! પરમાત્માની લીલા અવર્ણનિય છે, જેનું વર્ણન કરવાને બ્રહ્મા, શેષ અને શારદા પણ શક્તીવાન થયા નથી, તેમજ શંભુ ભગવાન પિતાના ગુણ અને રૂપનો પાર વેદ અને મહાન રૂષિમંડળ જેવા કે ભાર્ગવ, ભારદ્વાજ, પારાશર, વેદવ્યાસ અને વાલ્મીકિ આદિ પામ્યા નથી તો, પછી આપણે તે શી ગણનામાં. (બે બાજુથી બન્ને સખીઓ પ્રવેશ કરે છે.)

નટી—પ્રિય મમ જીવન સૂત્ર પ્રાણનાથ ! આ સમયે આપ ઈશ્વર આરાધનામાં તલ્લીન થયેલા હોવાથી, મને એમ જણાય છે કે, આપ કોઈ મહાન કાર્ય્ય કરવા વિચાર ધરાવો છો.

સૂત્રધાર—હા ! પ્રિયે ! આ સભાજનોના સમક્ષ આજે " સુન્દર-પ્રિયા" નામનું નાટક ભજવી બતાવવું છે, તો તે સંબંધી તૈયારી કરો.

નટી—પ્રાણનાથ ! આ દાસી સેવામાં હાજર છે. શી આજ્ઞા છે ? હું સર્વ પ્રકારની યોજના યોજીને આવીશું, અને હમણાંજ આ નાટકની નાયકા પ્રિયાગૌરી સખીઓ સહિત આવતી હશે.

સૂત્રધાર—પ્રિયે હાલમાં આનંદકારી શરદ રૂતુ ચાલે છે તો તે રૂતુનું તમામ વર્ણન આવી જાય એવી ચીજનું ગાયન કરી સભાસદોને આનંદ આપો. ત્યારબાદ હું નાટકનો આરંભ કરૂં.

નટી—જેવી પ્રાણપતિની આજ્ઞા. (ગાય છે.)

(૨)

(સખી સહીત.) આ શરદ સમય સુખદ અતિ ભાસતો મને,
શીત વર્ષા યુગ્મ થાય, શીત પવનને,
સ્ત્રી પુરૂષ સાથ રમતી; મદન તાપને દમે,
નવિન ધાન્ય વૃદ્ધિ પામી, કૃષી વર્ગને ગમે,
રસીકજનો પૂર્ણચંદ્રે, ઉત્સવેરમે,
ભાગ્યવાનને વિલાસ, સુખદ આ સમે. આ શરદ.

સૂત્રધાર—શાહબાસ, પ્રિયા જે પ્રમાણે શરદ સમયનું વર્ણન તમે ગાયું, તેજ પ્રમાણે સામ્પ્રત કાળમાં સર્વત્ર દેખાય છે, પણ આ સ્ત્રી મન્ડળ આવેછે તે જોયું કેઃ— (૩)

રૂપ યૌવનમાં ખીલી રહી છે, મ[illegible] જે આ તરૂણી. (૩)
મદન વિકાશી નયન શરોથી, પ્રફુલ્લિત આ મન રમણી.
આવે, સખી સંગે, મદમાતી નવ રંગે.

હે પ્રિયે આ સ્ત્રી મન્ડળ સહ આ નાટકની નાયકા પ્રિયાગૌરી

આવી માટે ચાલો, આપણે અંદર જઈ અન્ય પાત્રોની યોજના યોજી પ્રયોગ ભજવી બતાવવાની તૈયારી કરીએ. (જાય છે.)

પ્રવેશ ૧ લો.

સ્થળ—(બાગની અંદર અંબિકાનું મંદિર.)

(દર્શન કરવા સાહેલીઓ સાથે પ્રિયાગૌરીનું આવવું.)

પાત્ર—પ્રિયાગૌરી, વસંતીકા, સખીઓ, પાછળથી જાદુગર, તથા સુન્દર શિકારી વેષમાં તથા રાક્ષસ વગેરે.

વસંતિકા—પ્રિય સખી પ્રિયાગૌરી, અંબિકાને મંદિર તો આપણે આવી પહોચ્યાં, માટે ચાલો આપણે દર્શન કરીએ.

પ્રિયાગૌરી તથા સખીઓ—ચાલો ત્યારે. (દર્શન કર્યા બાદ માતાની સ્તુતિ કરે છે.)

પ્રિયાગૌરી તથા સખી મંડળ:—

(૫. ૪.)

જય જગ ત્રાતે, માતુ ભવાની, માજી દિન જનને ઉગારો રે, જય,
સંકટ નાશિની, મહિષમર્દિની, પ્રણત શેખરી,
ત્રિપુર નિકંદની, આદિ શક્તિ, આદિ સંહારિણી.
નોદિની, માલીની, મેદીની, મોહિની,

પ્રિયાગૌરી—ઇચ્છિત પતિ મેળવજે મુજને,

સખીઓ—સુખી અમારી સખીને કરજે,

સર્વ સાથે—જગત પાલિની, જય અંબે, કષ્ટ અમારાં તું હરજે. જ.

વસંતિકા—ચાલો સખીઓ આ બાગની રચના જોઈએ.

સખીઓ—ચાલો ત્યારે.

પ્રિયાગૌરી—સખી વસંતિકે, પેલી વેલીના તરફ જોતાં ખરી. પોતાના પ્રિય આંબાના ઝાડની સાથે કેવું દૃઢ આલિંગન કરી રહેલ છે.

(૫)

આમ્ર વૃક્ષ વેલી કેરૂં કેવું જોડલું સખી આ,
વિંટાઈ તરૂને વળી છે, એક રૂપ કેવી બની છે,
પ્યારી પ્રેમ રસ પીતી આ, કેવું જોડલું સખી આ. (ઉદાસ થાય છે.)

વસંતિકા—સખી પ્રિયાગૌરી આ વૃક્ષનાં જોડાંને જોઈ કેમ ઉદાસ થઈ ગઈ?

સખી—બ્હેન વસંતિકે, તું કેમ સમજતી નથી, કે હવે પ્રિયાગૌરીની પુખ્ત ઉમર થયેલ છે, છતાં હજુ તેને યોગ્ય પતિ મળ્યો નથી, જેથી મદનના સંતાપે તે ઉદાસ ન રહે તો બીજું શું કરે?

પ્રિયાગૌરી—(જરા શરમાઇને) સખી હું શું કરૂં? યુવાવસ્થા થયા છતાં મારા પિતા વિવાહનો કંઈ વિચાર કરતા નથી, અને સ્મરશત્રુ મારી પુંઠે પડયો છે, માટે શું કરવું? (વિચારમાં પડે છે.)

(૬)

વિરહા નળ દળ આ ઔહો, પ્રબળ પણે કાયે.
વિષય તૃષાએ જાયે, સબળ ગૈાી હાયે,
વૈભવ શીજ પ્રકટ કરતા આ, અતિ નષ્ટ દેખાયે.
દુકુળ સરસ પરિધાન કરૂં શું? ઉઠે ઉર લાયે,
યૌવન મય વય વિતિ જશે શું? સાંપ્રત સ્થિતિ માંહે,
પતિ વિણ કામાગ્નીઅંતરનો, શાન્ત કેમ થાયે. (ઉદાસથાયછે.)

વસંતિકા—પ્રિય સખી પ્રિયાગૌરી તું શામાટે ઉદાશ થાયછે. સવ સારૂં થશે. ધિરજ રાખ. માતાજી તારા મનોરથ સર્વ પૂર્ણ કરશે. (એમ કહ્યા પછી સર્વ સખીઓ ધિરજ આપે છે.)

(૭)

સખીઓ.—ધિરજ ધર શહાણી બાળા વહાલી શીદ અકળાયરે,
મળશે પ્રીતમ સંગે રમશો, સુખી જોડલું સાથે ભમશો,
લટકે, મટકે, ચટકે, ત્રટકે, પ્રીતિરસનું પાનજ કરશો, ધિરજ.

પ્રિયાગૌરી—પ્યારી સખીઓ તમારૂં કહેવું યથાર્થ છે; પરંતુ કામદેવની તિવ્રજ્વાળાથી મારૂં મન ધિરજ ધારણ કરતું નથી.

સખી—વસંતિકે, પ્રિયાગૌરીનું ચિત્ત વિરહાનળથી વ્યાકુળ થયેલું છે, માટે બીજા વિષય ઉપર એનું ચિત્ત દોરીએ.

પ્રિયાગૌરી—વ્હેનો જ્યાં સુધી યોગ્ય પતિ મળ્યો નથી, જ્યાં સુધી સંસાર સુખનો લ્હાવો લીધો નથી, ત્યાં સુધી આ જીવન વ્યર્થ છે, કારણકે મારા સુખનો આધાર મારા પિતાના હાથમાં છે, મારા પિતા મારી મરજી વિરૂધ પાણીગ્રહણ કરાવે, તો પછી ખરી પ્રીતિથી સંસાર સુખ કયાંથી અનુભવાય? પ્રીતિનો પંથ ન્યારો છે. પ્રેમની ગતિ અવર્ણનિય છે. (૮)

પ્રેમગતિ અકળને અળગી, દુઃખહારી, જયકારી,
રીતિ, પ્યારી, છતિ, તારી, રસભરી એહ, પ્રેમ.
અનિયમિત, અગણીત, માલધનને કદી, અરપી,
તદપી, પ્રેમ, એમ, દુર્લભ, કરવો, પ્રેમ.
તનમન સમર્પણ કરીને, પરસ્પર,
સહેલથી સુખમાં પ્રીતિ, સુધા, ભોગવો, જગમાં. પ્રેમ.

વસંતિકા—સખીઓ પ્રિયાગૌરીનું ચિત્ત ચળાયમાન થયેલું છે માટે હવે વધારે આ સ્થળમાં રોકાવું એ ઠીક નહિ માટે ચાલો આપણે સહુ સાથે મળી એક ગરબો ગાઇને પછી રાજ્ય મન્દિરમાં જઇએ.

સર્વ—બહુ સારૂં. (સર્વ સાથે ગાય છે)

(૯)

જુવો ગિરધર ગોપાલ લાલ રંગે રમે,
રંગે રમે રસીલી સંગે રમે. જુઓ.
શરદ પુનમની રાત્રીએ ચંદ્ર ચડયો આકાશ,
શશી વિરહિત આ કુમુદિની, પામે પૂણ પ્રકાશ.
ઘેલી ગોપીથી રમે કાનહો રંગમાં,

જંગ સંગ રંગમાં, જામીરહ્યો
કાન એક ગોપી ઘણી, ગોપી મન મલકાય,
કૃષ્ણે ચરિત્ર બતાવિયું, એક એક જોડલું થાય.
પીળાં પીતાંબર શોભતાં, રંગ રેલેછે.
વહાલો સુંદર સલુણો શ્યામ સખી સંગ ખેલે છે,
મધુરનાદ મુરલી સુણી, ગોપી વિરહિત થાય.
વૃંદાવનની કુંજમાં, સુંદર રાસ રમાય.
નટવર સંઘાતે રમે, રાધાહો લાડલી,
આનંદે આનંદ કંદ, વૃંદમાં રમે,

(ગાયાબાદ સખીઓ સહીત પ્રિયાગૌરીનું બાગમાં ફરવું, દરમ્યાનમાં અંતરીક્ષથી જાદૂગરનું આવવું.)

જાદૂગર—અહાહા ! શી સુંદર નાજની છે ? ઉર્વશી, રંભા અને મેનકાના માનને ખંડન કરવા તથા મારૂં જીવન સુખમાં ગાળવા પ્રભુએ મારા માટેજ ઉત્પન્ન કરી હોય, એમ મને જણાય છે, માટે ચાલ સત્વર એનું હરણ કરી લઇ જાઉં.

(૧૭)

ફાવ્યો ફાવ્યો દાવે આજે, સુંદરી મળી છે મુજને આ.
ચમકતી દમકતી નાજની સુંદર, પ્રાપ્ત થઇ છે અહાહાહા.
રંગભોગમાં મજાહ જામશે, સુખી થયો હું વાહ વાહ વાહ. ફાવ્યો.

હવે વધારે વિચાર કરી વિશેષ વખત વ્યતીત કરવાનું આ કામ નથી, માટે મારા જાદુના પ્રભાવે એક રાક્ષસ પ્રકટ કરી તેનું હરણ કરાવું.

(મંત્રબળે રાક્ષસનું પ્રકટ થવું, ને જાદુગરનું જવું.)

સખીઓ—(રાક્ષસને જોઈ) એકદમ ચમકીને અરે ! કોઇ દોડો, દોડો, કોઈ, દોડો, અમો અબળાઓને આ રાક્ષસના હાથથી બચાવો. પ્રિયાગૌરી રાક્ષસને જોઈ બેશુદ્ધ થઇ જાય છે, અને તેટલામાં સખીઓનો પોકાર સાંભળી સુન્દરસેન આવે છે.

સુન્દરસેન—અરે ! દુષ્ટ તું આ અબળાઓ ઉપર શું જુલમ ગુજારમા ધારે છે ? તને જરા શરમ આવતી નથી. અબળા ઉપર પોતાનું જોર દાખવવું, એ હિચકારાનું કામ છે, જો તારામાં ખરૂં સામર્થ્ય હોય તો, મારી સાથે યુદ્ધ કર.

રાક્ષસ—અરે દુષ્ટ તને તારો જીવ વહાલો નથી કે શું ? તું અત્રથી ચાલ્યોજા, નહિતો મારા ખડ્ગે કરી તારા પ્રાણ લઈ, તારૂં લોહી પી મારા જીવને સંતોષ પમાડીશ.

સુન્દરસેન—તારા બોલવાથી ડરીને હું મારા ક્ષાત્ર ધર્મને એબ નહિ લગાડું. અરે ! તું તો એકજ છે, પણ કદાચ તારા સરખા હજાર હોય તો પણ શું થયું ?

રાક્ષસ—અરે તું તારા મા,-બાપથી કે સ્ત્રીથી અથવા કંઇ બીજા દુઃખથી કંટાળીને આવ્યો છે કે કેમ ? તેતો કહે, પળવારમાં તારા પ્રાણ જશે, માટે તારૂં કલ્યાણ ઇચ્છતો હોતો મૂંગે મોઢે ચાલ્યો જા.

સુન્દરસેન—તારા જેવા વાક્ચાતુરીમાં કુશળથી હું ડરવાનો કે ડગવાનો નથી. જે શૂરા હોય છે તે વૃથા બકવાદ કરતા નથી પણ પોતાનું પરાક્રમ જણાવે છે, માટે સચુર દુષ્ટ રાક્ષસ આ સમશેરથી તારૂં માથું ઉડાવી દઊં છું.

(રાક્ષસને મારવા જાય છે, ત્યારે રાક્ષસ ગેબ થાય છે.)

સુન્દરસેન—(રાજ્યકન્યા પ્રિયાગૌરીને નિરખી) અરે ! આ કોણ ? આતો કોઇ રાજ કન્યા રાક્ષસના ભયથી મુર્ચ્છા પામેલી જણાય છે, માટે ચાલ તેને સાવધ કરૂં. (એમ કહી તેના નજદીક જાય છે, દરમ્યાન સખીઓ આવવાથી એક બાજુ ઉભો રહે છે.)

વસન્તિકા—સખીઓ, પ્રિયાગૌરી રાક્ષસના ભયથી મુર્ચ્છા પામી છે, માટે તેને સાવધ કરવા પાણી લાવો. (પાણી લાવી છાંટે છે, ને મુર્ચ્છા ઉતરે છે.)

સુન્દરસેન—તમે ડરશો નહિ ધિરજ રાખો, અને મને કહોકે તમે

કોણ છો ? અને અહિં શા માટે આવેલ છો ? હું તમારો ભય દૂર કરીશ.

સખીઓ—અમે અમારી સખી પ્રિયાગૌરીની સાથે માતાજીનાં દર્શને આવ્યાં હતાં, અને માતાની સ્તુતિ કરી આનંદથી કલ્લોલ કરતાં હતાં, એટલામાં આ રાક્ષસ અચાનક આવવાથી અમે સંભ્રમ યુક્ત થઈ ગયાં ને અમારી સખી પ્રિયાગૌરી મૂર્ચ્છિત થઈ ગઇ. એ રાક્ષસના ભયથી બચાવનાર આપ કોણ છો ? તે તો કહો ! અમે તમારાં આભારી છીએ.

સુન્દરસેન—હું રાજકુમાર છું. શિકારે નિકળ્યો છું. તમારો ભયકારક શબ્દ સાંભળવાથી હું અહિં આવ્યો ને ક્ષાત્ર ધર્મ પ્રમાણે મેં તમને રાક્ષસના ભયથી છોડાવ્યાં તેમાં ઉપકાર માનવા જેવું કશું પણ મેં કર્યું નથી.

વસંતિકા—પ્રિય સખી પ્રિયાગૌરી આ રાજકુમારે તારો પ્રાણ બચાવ્યો, માટે તેનો તારે ઉપકાર માનવો ઘટે છે.

પ્રિયાગૌરી—રાજકુમાર આજે આપે આ સંકટમાંથી મને મુક્ત કરી પ્રાણદાન આપ્યું તે [illegible] હું તમારો ઉપકાર માનું છું.

સુન્દરસેન—બાલે ! મેં મારો ક્ષાત્ર ધર્મ બજાવ્યો છે, કંઈ વિશેષ કર્યું નથી, કારણકે સંકટમાં આવી પડેલ મનુષ્યનું સંરક્ષણ કરી તેને અભયદાન આપવું એ ક્ષત્રિયનો ધર્મ છે.

પ્રિયાગૌરી—આપે જો કે ફરજ બજાવી છે, એમ આપ કહોછો, તે જો કે ખરૂં છે; પરંતુ મારા ઉપર કરેલા ઉપકારનો બદલો કયા પ્રકારે વાળી આપું, તેની મને સમજ પડતી નથી.

સુન્દરસેન—ઉપકારનો બદલો વાળવાથી કંઈપણ વિશેષતા હું સમજતો નથી. (સ્વગત) અરે ! શું મુનહરિણી સ્ત્રી છે, શું ઇંદ્રપુરીની રંભા છે ! શું શૂરા ક્ષત્રીને સ્વર્ગમાં વરનારી અપ્સરા છે ! કે શું ! જગદંબાએ પોતે માનવીરૂપ ધારણ કરી મને દર્શન આપ્યાં જો કદાચ જગદમ્બાએજ માનવી સ્વરૂપ ધારણ કરી દર્શન આપ્યાં હોય તો

હું કેવો મૂર્ખ કે તેને પગે પણ હું પડયો નહિ. અરે ! આ બધી વિચારણા વ્યર્થ છે. ખરે તે તો રાજકન્યાજ છે. મારા સરખા હિણ ભાગ્યવાળાને આવું અમૂલ્ય રત્ન કયાંથી પ્રાપ્ત થાય !

(૧૧)

રૂપવંતી રામા રસે ભરી, રસરાજને જગરાજમાં,
રૂડો આજ પટ્ટાભિષેકને, કરવા ઉભી છે સમાજમાં;
કામદેવ પૂર્ણ વિલાસમાં, નિજ મિત્ર કેરા અવાસમાં,
આવો ભેટીને પ્રિયચંદ્રને, લાગ્યો જીતના કામકાજમાં.
ચક્રવર્ત્તી કીધો બન્ને મળી, રસરાજને ત્યારે વળી,
તેને આશરે કામી રહ્યા, માન્યું સુખ તેના સામ્રાજ્યમાં;
અહો કામીને મન કામ છે, જેનો કામનીમાં વિરામ છે.
તેનું જોર તેથી ઘણું વધ્યું, દુઃખ પામ્યા રસ શિરતાજમાં.

(એક બાજુ ઉભો રહે છે)

વસંતિકા—પ્રિયાગૌરીને સખી આ રાજકુમારે તારાપર એક તો ઉપકાર કરી તારો જીવ બચાવ્યો છે તેમજ વળી એ રાજકુમાર રૂપ ગુણથી યોગ્ય ક્ષત્રી વીર પુત્ર છે, માટે મારા વિચાર પ્રમાણે તો તારો હસ્ત એને અર્પણ કરી અક્ષય સુખ મેળવ.

પ્રિયાગૌરી—સતી વસંતીકે, હું તારા વિચારથી બહાર નથી આ રાજકુમારને જોઈ મારા હૃદયમાં સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થાયછે.

વસંતીકા—(સુન્દરસેનને) રાજકુમાર અમારી સખી એક અરજ કરવા આકાંક્ષા રાખે છે તે કૃપા કરી માન્ય કરશો ?

સુન્દરસેન—(વસંતિકાને) કુમારીકા તમે શું કહેવા માગોછો તમોને જે કહેવાની ઇચ્છા હોય તે જરાપણ શંકા ન રાખતાં મને કહો. તમારી સખીની યોગ્ય અરજ હશે તો તે સ્વિકારવા હું ના પાડીશ નહિ.

વસંતિકા—કુમાર, મારી સખી પ્રિયાગૌરી અણઘટિત અરજ કરે તેવી નથી તે પોતાનો કર આપને અર્પણ કરી આપની

અર્ધાંગના થવા માગે છે તે માન્ય કરશો ?

સુન્દરસેન—હું તમારી મરજી વિરૂદ્ધ નથી. (સ્વગત) એવો તે કોણ મૂર્ખ નર હોય કે લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મુખ ધોવા જાય.

પ્રિયાગૌરી—હું સર્વ દેવતા સમક્ષ, કાયિક, માનસિક અને વચનથી આપની ધર્મ પત્ની તરીકે જન્મ પર્યંત સહચારિણી થવા હસ્ત આપી બંધાઉ છું.

સુન્દરસેન—હું પણ મારી ધર્મ પત્ની તરીકે તમને આમર્ણાંતક ધર્મ કર્મના કાર્યમાં સામેલ રાખવા બંધાઊ છું.

સખીઓ—હે જગત જનુની અંબીકે અમારી સખી પ્રિયાગૌરી અને સુન્દરસેનનું જોડું અમર રાખજે.

(૧૨)

પ્રિયાગૌરી—પ્યારા મારા આવો સુશીલ સુજાણ.

સુન્દરસેન—કરો ખાન, કરો પાન, શાને ડરતું.

પ્રિયાગૌરી—મનડું ફરતું.

સુન્દરસેન—શાને ડરતું.

પ્રિયાગૌરી—મનડું ફરતું. પ્યારા.

સુન્દરસેન—બન્યો છું બન્યો છું તારો હું દાસ.

પ્રિયાગૌરી—પ્યારા તમ વિના રહું સદા ઉદાસ.

સુન્દરસેન—ઘેલો કીધો.

પ્રિયાગૌરી—પ્રેમ લીધો.

સુન્દરસેન—હે મધુર સુધારસ પાન.

પ્રિયાગૌરી—પ્યારા મારા આવો સુશીલ સુજાણ.

પ્રિયાગૌરી—પ્રાણનાથ ! આપ નૃગૃહમાં પધારો ત્યાં જઇ મારાં માતા પિતાને આ સવ શુભ સમાચાર કહીએ.

સુન્દરસેન—પ્રાણ પ્યારી જેવી તમારી ઇચ્છા. (જાય છે દરમ્યાન જાદુગર આવે છે.)

જાદુગર—અરે ! દુષ્ટ તું કોણ છે? તે તો મને કહે, મારો કાળ આવ્યો છે કે શું? તું મારા મોકલેલા રાક્ષસનો પરાજય કરી આ કુંવરીની સાથે પરણીને કયાં જાય છે, જરા ઉભો રહે. જો હું તેનું ફળ તને કેવું આપું છું.

સુન્દરસેન—અરે ! નિચ તારાં વચનથી હું જરા ડરવાનો નથી એક વખત કાળ પોતે ચડીને આવે, તો પણ હું તેનાથી ડરૂં તેમ નથી, માટે બકવાદ કરવો છોડી મૂંગે મોઢે ચાલ્યો જા.

જાદુગર—અરે ! દુષ્ટ હું બકવાદ કરૂં છું. એમ તું સમજે છે તો લે તેનું ફળ. (દરમ્યાન સુન્દરસેન તરવારનો ઘા કરવા જાય છે તેટલામાં જાદૂગર તેને પથ્થર બનાવે છે. પ્રિયાગૌરી મૂર્છા પામે છે. જાદુગર તેનું હરણ કરે છે. પડદો પડે છે.)

પ્રવેશ ૨ જો.

(રસ્તો.)

પાત્ર—ચંદ્રસેનના હાસ્તજીરો ને પાછળથી ચંદ્રસેન.

કેશરી—કેમ મિત્ર જયસિંહ કુમાર ચંદ્રસેન આવ્યા નથી કે શું?

જયસિંહ—જો સામેથી કોણ આવે છે? (ચંદ્રનુ આવવું.)

ચંદ્રસેન—કેમ મિત્ર સહુ આવી પહોંચ્યા કે, પણ કેમ આજ અજીત દેખાતો નથી.

અજીત—ના મિત્ર આવ્યો છું.

ચંદ્રસેન—કેમ આજે કંઈ તને વિશેષ વખત થયો.

અજીત—મિત્ર શું કરૂં ભણવા માટે ગુરૂજીને ત્યાં ગયો હતો, પણ અભ્યાસ કાચો હોવાથી ગુરૂજીને ત્યાં વિશેષ વખત ગયો જેથી જરા વાર લાગી છે.

ચંદ્રસેન—કેમ કેસરી આજે કઈ રમત રમવા વિચારે છે?

કેસરી—કુમાર આજે તો દાઇનો ઘોડો રમીએ.

જયસિંહ—નાના. આપણે તો ગેડીદડે રમવું છે.

અજીત—ના ભાઈ ! આપણે તો બન્ને રમત પસંદ નથી, મને તો ખોખોની રમત પસંદ છે.

ચંદ્રસેન—ભાઇઓ એ બધી વાત જવા દો; કારણકે તમારો સર્વનો જુદી જુદી રમત ઉપર પ્રેમ છે. તો તે રમતને પડતી મુકી કંઈ નવું કરીએ તો કેમ ?

જયસિંહ—બહુજ સારૂં.

ચંદ્રસેન—રમત રમવાના કરતાં આપણે ક્ષત્રી રાજકુમારોએ કવાયદમાં હુશિયાર થવું જોઇએ, માટે કવાયદ કરીએ તો કેવું.

સર્વ—બહુજ સારૂં.

ચંદ્રસેન—ત્યારે સર્વ પોતપોતાના હથિયાર લઈ તૈયાર થાઓ.

(ગાયન તથા કવાયદ.) (૧૩)

(બધા સાથે) સર્વે કટિએ, અસીને કસીને, થાઓ તત્પર નિડરથી,
ધસી, ખસી, પગ મેળવીને, અંગ ગરકીને, ઝટ ફેરવો તરવાર;
સામા સામા થઈ બધા, બહાદૂર કરો ઘા, ધરી ધીર હામ આવાર,
શિષ કાપો, ભાલો નાખો, ચિત્ત રાખો, કરો કવાયદ શૂરપૂરથી.

(જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—(ખાનગી ભૂવન.)

પાત્ર—સજજનસિંહજી રાજા, રાણી, પછીથી પ્રધાન, કુમાર ચંદ્રસેન તથા પ્રતિહાર વગેરે.

સજનસિંહ—પ્રિયા! સુન્દર શિકારે ગયો તે કોણ જાણે કયા જંગલમાં ગયો કે હજુ સુધી આવ્યો નહિ. મને સુન્દર વિના ચેન પડતું નથી.

રાણી—પ્રાણનાથ ! હું પણ એજ વિચાર કરૂંછું મને રાત્રે ઊંઘ આવતી નથી, તથા દિવસે ખાવું ભાવતું નથી અને અનેક તર્ક વિતર્ક થયા કરેછે માટે મારા લાડકવાયા પુત્રની શોધ માટે માણસો મોકલો

મારા જીવનનો આધાર તેનાપર છે.

સજ્જનસિંહ—પ્યારી હું પણ તેજ વિચારમાં છું ધિરજ રાખ, સુન્દરના શોધ માટે પ્રધાનને બોલાવી તપાસ કરવા ભલામણ કરૂં છું.

રાણી—પ્રિય પ્રાણેશ ! આ સંસારમાં સુખનો આધાર પુત્ર છે. પુત્ર દેવતાને પણ દુર્લભ છે. હા ! પુત્ર સુન્દર તું કયાં ગયો ? કયા અરણ્યમાં ભૂલો પડયો ? કયા દેશમાં નિકળી પડયો ? તને તારા માતા પિતાને છોડી એકલું જવું કેમ ગમ્યું ?

રાજા—પ્રિયા સુન્દરના વિયોગનું દુઃખ મારાથી સહન થતું નથી.

(૧૪)

પુત્ર વિયોગે ચેન ન મુજને, પ્રિય પુત્રને કયાં જઈ નિરખું પુત્ર,
વદન મનોહર પુત્રનું નિરખી, હરનિશ માનતો મુજ ભાગ્યશાળી પુત્ર.
રાજવૈભવ સહુ વિષ સમ બનીઆ, શું કહું તુજને પ્રાણથી પ્યારી પુત્ર.

(રાજા પ્રતિહારને બોલાવે છે.)

પ્રતિહાર—હુકમ સરકાર.

રાજા—પ્રધાનજીને કહે કે જરૂરના કાર્ય પ્રસંગે ખાનગીમાં બોલાવે છે.

પ્રતિહાર—બહુ સારૂં નામદાર. (સલામ કરી જાય છે પ્રધાન પ્રવેશ કરી સલામ કરે છે.)

રાજા—પ્રધાનજી સુન્દર શિકારે ગયેલો તે પાછો આવ્યો નથી તેથી મને ચેન પડતું નથી નિદ્રા આવતી નથી માટે તેનો શોધ જલદીથી કરો.

પ્રધાન—મહારાજા શોક કરશો નહિ સર્વ સ્થળે માણસો મોકલી તપાસ કરાવું છું.

રાજા—તમારૂં કહેવું ખરૂં છે. પણ મારો પુત્ર કોણ જાણે વિકટ વનમાં કયાં રખડતો રઝળતો હશે.

રાણી—પ્રધાનજી જાઓ જલદીથી મારા પ્રાણથી અધિક વહાલા પુત્રની શોધ કરવાની બનતી કોશિષ કરો; કારણકે પુત્ર વિયોગે

મારો દેહ રહેનાર નથી. (૧૫)

જાઓ જાઓ સહુ તમે જાઓ,
જાઓ લાવો શોધી પુત્રને મારાને આહિં ભેટ મળી કરૂં હું આનંદ આજ.
યુવરાજ કયાં પરવર્યો, કરી મુજને ત્યાગ,
પ્રિય સુન્દર વિણુ ટળવળે, દુઃખીઆરી તુજ માત. જાઓ.

પ્રધાન—રાજ્ય માતા શાન્ત થાઓ, માણુસો ચારે બાજુ મોકલું છું, તે તપાસ કરી જલદી આવશે, માટે ધિરજ ધારણુ કરો.

રાજા—પ્રધાનજી આ કામમાં જેટલી તાકીદ રખાય તેટલી થોડી છે, મને કંઈ પણુ ચેન પડતું નથી માટે જલદીથી બંદોબસ્ત કરો.

(૧૬)

જાઓ જાઓ તમે ઝટપરે, નથી ચિત્તને શાન્તી જરી રે,
પ્યારા, મારા, તન વિના, લાય, કાય, ઉત્પન્ન થાય;
છળથી, બળથી, કળથી, લઈ આવો,
અટણુ કરીને દેશ વિદેશ માંહે, જાઓ જાઓ. (ચંદ્ર પ્રવેશ કરેછે.)

ચંદ્ર—પિતાજી નમન કરૂં છું, માતુશ્રી વંદન કરૂં છું, કેમ આજે આપ ઉદાસ જણાઓ છો પિતાજી મારા વડિલ ભાઈના કાંઈ ખબર આવ્યા કે નહિ?

રાજા—બેટા હજુ સુધી કંઈ ખબર નથી.

ચંદ્ર—પૂજ્ય પિતાજી હું એક અરજ કરવા રજા માગું છું. જો આપ મને આજ્ઞા આપો, તો હું મારા વડિલ ભાઈની શોધ કરવા જાઉં, અને ગમે તે યત્ને શોધ કરી વડીલ ભાઇ સહ ત્વરાથી પાછો આવું.

રાજા—મારા લાડકવાયા તારો ભાઈ અમને શોક સમુદ્રમાં નાખી ગયો છે, અને વળી તું જવા ઈચ્છે છે, તો પછી અમારે કોનું મોઢું જોઈ દિવસ કાઢવા?

રાણી—મારી આંખોના તારા, તું સુદન્રથી અધિક વહાલો છે, માટે જો તું અમારી પાસ હોઈશ તો અમારા જીવને ધિરજ રહેશે.

માટે તને હું જવા દેનાર નથી.

ચંદ્ર—માતુશ્રી મારો વડિલ ભાઈ જંગલમાં ભટકે, વિપત્તિ વેઠે, અને હું અહિં રહી સુખ વૈભવ ભોગવું, એ મારાથી કદિ–બનનાર નથી હું વિનતિ કરી કહું છું કે, મને આજ્ઞા આપો.

(૧૭)

આજ્ઞા આપો પૂજ્ય પિતાજી, મુજને આણે ઠામ,
શોધી આવું સત્વર પાછો, તુરત બજાવી કામ.
હામ દામને તમામ, સુખ ઠામ, ન જોઈએ આમ;
પત્તો ન લાવું ભ્રાતનો તો, અહિનું પાણી હરામ. આજ્ઞા.

રાજા—બેટા ! તું દુરાગ્રહ કરે છે, એ ઠીક કરતો નથી, મેં પ્રધાનજીને કહી સર્વ બંદોબસ્ત કરવા સખ્ત ભલામણ આપી છે તેથી તેણે માણસો મોકલ્યાં હશે તે તપાસ કરીને હમણાં આવશે તે છતાં પછી તને જેમ યોગ્ય જણાય તેમ કર.

ચંદ્ર—શિરછત્ર, હું વડીલ બંધુનો શોધ કરી તેને લઈ જલદીથી આવીશ.

રાજા—પ્રિય પુત્ર ચંદ્ર, તારા નિશ્ચય આગળ અમો લાચાર છિયે, માટે નિરૂપાયે રજા આપું છું, પણ તારી માતાની રજા લઈને જજે ઈષ્ટદેવ તારૂં કલ્યાણ કરશે.

ચંદ્ર—માતુશ્રી રજા લઉં છું. હું મારા વડીલ ભાઈની શોધ માટે જાઉંછું માટે મને આજ્ઞા આપો.

રાણી—મારા લાડકવાયા તારા મોટા ભાઈને લઈ વહેલો આવજે, તારી સાથે સદા અંબિકાનો વાસ થજો. (જાય છે. પડદો પડે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—(રસ્તો). પાત્ર–ચંદ્ર એકલો.

ચંદ્ર—હા ! પરમેશ્વર મારા પિતા માતાની રજા લઈ મારા

વડિલ બન્ધુના શોધ માટે જવા હું વિચાર રાખું છું તેમાં તું મને સહાય થજે, હું તારે શરણ છું, હે પ્રભુ ! મારી માતાને સદ્બુદ્ધિ આપજે કે તે મને રજા આપે; કારણકે તે સુન્દરની વિમાતા હોવાથી રાજ્યના લોભે કદાચ આનાકાની કરે, અને મને અટકાવે, માટે તેને સારી બુદ્ધિ આપજે જો તે ના પાડશે, તો પણ હું તો જનાર છું ગમે તેમ થાઓ, આ દેહ કાલે પડતો હોયતો આજેજ પડે, પણ હું મારો નિશ્ચય કદિ ફેરવનાર નથી, હવે આ વિચારણા કરી વિશેષ સમય વ્યતીત કરવાનું કાંઇ કારણ નથી. માટે હવે મારે મારી જનેતાની રજા લેવી જોઇએ, મને પિતાજી પાસે ઘણો વખત લાગ્યો, તે મારી રાહ જોતી હશે, માટે તેની પાસે જઈ ગમે તે પ્રકારે રજા લઈ વડિલ ભાઈનો શોધ માટે જાઉં, અને પ્રભુ કૃપાએ તે કાર્ય પાર પાડી સત્વર પાછો આવું. (જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ–માલતી રાણીનો મહેલ. પાત્ર–માલતી, દાસી ને પછીથી ચંદ્ર.

માલતી—દાસી રાજમંદિરમાં આજે શું ધાંધલ મચી રહી છે ?

દાસી—બાઈ સાહેબ પાટવી કુમાર શિકાર ખેલવા ગયા હતા, તે હજી આવ્યા નથી અને તેનો પત્તો નથી તેથી મહારાજા શોકાતુર છે, અને તેનો શોધ કરવા માણસો મોકલ્યાં છે.

માલતી—શું ? સુન્દર ગુમ થયો ? અને વળી પત્તો પણ મળતો નથી ? આ તું સાચું કહે છે ? હાશ ! જો એમજ હોય તો તો પછી બીજું જોઇએજ શું ? કારણ કે જો તેમજ હોય તો પછી મારો ચંદ્ર ગાદીનો વારસ થાય.

દાસી—બાઈ સાહેબ બહુ સારૂં થયું, એ તો ટાઢે પાણીએ ખસ ગઈ.

માલતી—દાસી આ વખતે મારો ચંદ્ર શું કરે છે ? તે ત્યાં છે કે કેમ ? જરા જોઈ તો આવ.

દાસી—આ આવ્યા કુમાર બાઈ સાહેબ.

ચંદ્ર—માતુશ્રી અભિવંદન કરૂં છું.

માલતી—આવ બેટા ચંદ્ર તું આટલો વખત કયાં હતો ?

ચંદ્ર—માતુશ્રી તમને ખબર નથી કે મારા વડીલ ભાઇ શિકારે ગયા છે તે હજુ આવ્યા નથી જેથી મારા પિતાજી શોકથી વ્યાકુળ થઇ ગયા છે, અને હું પણ તેની પાસેજ હતો.

માલતી—હા પ્રિય પુત્ર મને હમણાં દાસીએ કહ્યું, અને તેથીજ મેં તને યાદ કર્યો હતો.

ચંદ્ર—માતુશ્રી કહો શી આજ્ઞા છે ?

માલતી—બેટા ! સુન્દર ગુમ થવાથી તને હવે યુવરાજ પદ મળશે કેમ ખરૂં કે નહિ ?

ચંદ્ર—માતુશ્રી વડિલ બન્ધુ ગુમ થવાથી દિલગીરીને બદલે આનંદનાં વચન ઉચારી મને યુવરાજ પદ મળવાના સંબંધમાં જે વિચાર રાખો છો તેથી હું આશ્ચર્ય પામું છું.

માલતી—બેટા રાજ કાજના કામથી તું છેક અંજાણ છે, તું હજુ ઉજળું એટલું દુધ સમજે છે, તારામાં બાળક બુદ્ધિ છે, તને હજી રાજ ખટપટની ખબર નથી. સુન્દર હોય તો પછી તારો તે કોણ ભાવ પુછનાર છે? ફક્ત ફટાયા તરીકે થોડો ઘણો ગરાસ આપે, તે લઈ બેસી રહેવું પડે, અને સુન્દરની તાબેદારી ઉઠાવવી પડે, અને મને સુન્દરની મા દાસી તરીકે ગણે એ તને ખબર છે ?

ચંદ્ર—માતા ! હું તમારો પુત્ર અને એ નહિ ? એક ક્ષણીક રાજ્ય સુખના લોભને ખાતર મારા જ્યેષ્ટ ભ્રાતાનું અણહિત ચિંતવન કરી મારો બંધુ ધર્મ [illegible] હું માગતો નથી, માતુશ્રી વાડ તેનીજ ધાડ, તો બચવું શી રીતે ? અગ્નીને બુઝાવનાર પાણીજ જ્યારે બાળે, તો પછી શાન્તીની આશાજ શી ? અંધકારનો વેરી સૂર્ય તેજ અંધકાર કરે તો પછી પ્રકાશની આશાજ શી ? તાપને શાન્ત કરનાર

ચંદ્ર તેજ તાપકારી થાય, તો પછી શીતળતાની આશાજ શી ? ઝેરને નિરમૂળ કરનાર અમૃત તેજ મૃત્યુ કરશે, તો પછી જીવવાની આશાજ શી ! જગતના જીવનનો જેનાપર આધાર છે તે મેઘરાજા વિમૂખ થાય તો જગતના બચાવની આશાજ શી ? તેમજ માતુશ્રી તમે મારા તથા સુન્દરમાં આવો વિચાર રાખો, તો પછી સુખની સ્વપ્ને પણ આશા રાખવી નહિ. આ ચંદ્ર ક્ષણભંગુર સુખની લાલસાએ પોતાનો બંધુ ધર્મ કદિ ચૂકનાર નથી, માતા હુ મારા પિતાના રૂબરૂ પ્રતિજ્ઞા કરી આવેલો છું કે જ્યાં સુધી સુન્દરસેનનો શોધ કરી ન આવું ત્યાં સુધી આ નગરનું પાણિ હરામ છે, માટે હું તેનો શોધ કરવા જાઉંછું અને માત્ર તમારી રજા લેવા આવ્યો છું માટે ખુશીથી મને રજા આપો, હું ક્ષણભંગુર સુખ માટે કદી લોભને વશ થનાર નથી, અને માતા તમે પણ એવી કુબુદ્ધિનો ત્યાગ કરો, અને જો તેમ કરશો તોજ અંતે તમારૂં હિત થશે, રાજ્યના લોભથી કૌરવાદિક્ષયને પામ્યા છે, માટે તે લોભ દૂર કરી મને અને સુન્દરને સમાન સમજી તેના શોધ માટે ખુશીથી રજા આપો.

માલતી—બેટા આ શું કહે છે ? શું રાજ્યમાં માણસોની ખોટ પડી કે તારા બાપે તનેજ આજ્ઞા આપી, તને સુન્દરના શોધ માટે વનમાં મોકલી ઘાટ ઘડવાનો સુન્દરની માએ આ રસ્તો શોધ્યો છે એમ હુંતો સમજું છું. હું તને રજા આપનાર નથી.

ચંદ્ર—માતુ મારૂં કહેવું તમે સમજ્યાં નહિ, મેં મારી ખુશીથી એ કામ માથે લીધું છે. માટે તમે ખુશીથી રજા આપો અને દુરાગ્રહ છોડી દીઓ. હું પ્રાણાંતે પણ ગર્યા વગર રહેનાર નથી. હું રાજ્ય લોભથી અપયશ રૂપી વાદળ વહોરનાર નથી. હું ભાઇની શોધ કરી તેની સાથે ત્વરાથી પાછો આવીશ, માટે મને રજા આપી યશ સંપાદન કરો.

(૧૮)

માલતી—પ્રિય પુત્રજ મારા, જાશો ના દુઃખાચારી કરી વિદેશમાં.

ચંદ્ર—નિશ્ચય ફરે ન માતુ મારો, પ્રાણ કદિ જો જાય.
માલતી—સુખ વૈભવ આ આ વિષ તૂલ્ય થાશે, પુત્ર સુકોમળ કાય.
કીધો ન અળગો નેત્ર વિષેથી, પળ એક નિમિષ લગાર, પ્રિય.
ચંદ્ર—મનમાં ચિંતા ના કર મા તું, આવીશ જલ્દી આ ઠાર.
માલતી—રાજ પાટવી થયો તું પ્યારા, કર મનમાં વિચાર,
ભાઈ સુન્દર તુજ ગુમ થવાથી થયો સુખી સંસાર. પ્રિય.

ચંદ્ર—માતુશ્રી એવા અયોગ્ય લોભ ખાતર મારા નામને કદિ પણ કલંક લગાડનાર નથી, રાજ્ય મેળવવા મારા બાહુ સમર્થ છે. માટે ખુશીથી જવા માટે મને જા આપો.

માલતી—મારા લાડકવાયા તારા હઠ પાસે મારૂં ચાલે તેમ નથી, માટે શું કરૂં લાચાર છું પરાણે કચવાતે દિલડે રજા આપું છું માટે ખુશીથી જા જલદી આવજે તારૂં પ્રભુ કલ્યાણ કરશે, મારા જીવનનો આધાર તારા ઉપરજ છે, પણ શું કરૂં કે તું દુરાગ્રહ છોડતોજ નથી.

([illegible])

માલતી—છે [illegible] મોરી આશીષ. બંધુને શોધી લાવજે
મારા પુત્રનું દૂધ દિપાવજે, ફરી જંગલ રાન વેરાન, ભ્રાતને લઇને આવજે. છે.
કરૂં તિલક વિજયનું આજ, થાઓ સુખકારી સહુ સાજ, જા ફત્તેહ થશે તુજ કાજ
રહેશે અવિચળ તારૂં તાજ. છે.
માલતી—પુત્ર વહેલો આવજે. જા સુખી થજે.
ચંદ્ર—માતા નિયમ નિશ્ચય અને નીતિથી વર્તનારનો હમેશાં જયજ છે.
માલતી—ધરી આશીષ શિરપર માતુ પિતાને કુશળ કહાવજે. (જાયછે.)

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ-(જંગલ). પાત્ર-ચંદ્ર એકલો. પાછળથી જોગીઓની જમાત.

ચન્દ્ર—હે પ્રભુ! હું મારા ભાઈના શોધ માટે જંગલે જંગલ

ભટકયો, પણ કયાંય પત્તો લાગતો નથી હે પ્રભુ મને યશ અપાવવો તારે હાથે છે. હું તારે શરણુ છું આ વિકટ વેરાન જંગલમાં માણુસતો કયાંય જણાતું નથી. કોને પુછું ? શું કરૂં ? અને કયાં જાઉં તે ગમ પડતી નથી. (૧૦)

ભયાનક રાનમાં સહાયે, હરિથાતું હરિથાતું.
મતિ નથી પહોંચતી હાયે, જાઉં કયાં હું, જઉં કયાં હું.
પડે શ્રવણે ભયંકર નાદ, પશુ ક્રોધી દિસે છે અથાગ.
જીવો ઝેરી ફરેછે અપાર, હૃદય મધ્યે હા ! પ્રકટી આગ ભયાનક.
તરૂવરની ઘટા ભરથી પ્રભાકર અસ્ત દેખાએ.
ગીરિની કોતરો પેખી ભ્રમિત ચિત્ત મારૂં થાએ. ભયાનક.

હે પ્રભુ વિકટ વનમાં રખડી રખડીને થાકયો, પણ મારા ભાઈનો પત્તો મળતો નથી, હાય ! અફસોસ ધારેલી ધારણા મનમાંજ રહી, અહાહા મારા દુઃખનો પાર રહ્યો નહિ; ભાઈના શોધ માટેનો જવા વખતનો હર્ષ કેવો અને [illegible] પરિતાપ કેવો ? હા ! જે આશા દેવી વડે તમામ જગતનો વ્યવહાર ચાલે છે, તેજ દેવી કેમ અત્યારે પ્રતિકૂળ થઈ પડી ! નશીબ બે ડગલાં આગળનું આગળ દૈવ પ્રતિકૂળ ત્યાં મનુષ્યનું શું ચાલે? હવે હું થાકથી કંટાળી ગયો છું. જેથી આ ઝાડની શિતળ છાયા તળે જરા વિશ્રાંતી લઉં. (સુઈ જાયછે.)

જોગી—(ગાતા ગાતા પ્રવેશ કરે છે.)

(૨૧)

શરણુ તેરા સચ્ચા, સ્વયંભુ અકામ. (૨)
ચલિતહે માયા, ચલિતહે કાયા, અચળ ભક્તિ હે સુખ ધામ. શરણુ.
મા બાપ નારી સો ચલે નાહિ સંગે, સંગે ચલે નાહિ દામ. શરણુ.
સચ્ચિદાનંદકા ધ્યાન ધરકે ચલો, સહેજે મિલે વૈકુંઠ ધામ. શરણુ.

ચેલો—ગુરૂ મહારાજ યહ કોઉ બિકટ અરણ્યમેં કિસ લિયે સોયા હોગા ? ઇસકી કાન્તી બહુતહી સુંદર હે. જરા નિગાહ કીજીએ.

ગુરૂ—બચ્ચા ભભુતગર ચલ ક્ષણભંગુર સંસારમેં ઐસે બહુતહી દુઃખી પ્રાણીહે. દેખલે કૌન સોતાહે.

ચેલો—બહુત અચ્છા મહારાજ. (ચંદ્રને) યહ બિકટ બનમેં કયું સોતા હે ?

ચંદ્ર—મહારાજ જંગલમાં રખડવાથી થાકને લીધે કંટાળી વિસામો લેવા બેઠો તેટલામાં મને નિદ્રા આવી ગઈ, હું દુઃખી માણસ છું.

ચેલો—હમારે ગુરૂકી પાસ ચલકે તેરા સબ હેવાલ કહદે. (ગુરૂ પાસે લઈ જાય છે.)

ચંદ્ર—(ગુરૂને) મહારાજ દંડવત પ્રણામ કરૂં છું.

ગુરૂ—(ચંદ્રને) દેખ બચ્ચા તેરી કાન્તી ઔર શારીરિક લક્ષણ પરસેં ઐસા માલુમ હોતા હૈ કે તુમ કોઉ રાજકુમાર હય ઔર ઐસે જંગલમે કયું આયા સો કહદે.

ચંદ્ર—ગુરૂ મહારાજ મારા મ્હોટા ભાઇના શોધ માટે હું નિકળ્યોછું.

ગુરૂ—દેખ બચ્ચા યહ [illegible] ભયંકર વનહૈ, વાઘ, સિંહ વગેરે હિંસક પ્રાણી બહુતહી હૈ, [illegible] માલુમ નાહીં પડેગા, તેરી અવસ્થા બી બહુતહી છોટીહૈ, ઔર હે [illegible] પ્યાદલ બાસ્તે સબ બાત છોડ પીછા ચલા જા.

ચંદ્ર—ગુરૂ મહારાજ હું મારા પિતાજી પાસે પ્રતિજ્ઞા કરી આવ્યો છું. કે ભાઇની શોધ કર્યા વગર પાછો આવીશ નહિ માટે શોધ કર્યા વગર હું જઈ શકું તેમ નથી.

ગુરૂ—દેખ બચ્ચા એક દફે ફીરબી કહતા હું કે હઠ છોડ ઔર ચલા જા.

ચંદ્ર—ગુરૂ મહારાજ કદિ જમીન અને આકાશ એકત્ર થાય સમુદ્ર મર્યાદ મૂકે, મેરૂ ચલાયમાન થાય ધ્રુવજીડગે, કે સૂર્ય પૂર્વનો પશ્ચીમમાં ઉગે તો પણ હું મારી પ્રતિજ્ઞાનો ભંગ કરનાર નથી.

ગુરૂ—બચ્ચા તેરા વૈસા દૃઢ નિશ્ચય દેખ મેં ખુશ હુવા હું

મગર કહદે કે કીસ તરાહસેં તેરે ભાઇકી તિલાસ કરેગા.

ચંદ્ર—મહાત્મન્ આપનાં દર્શનથીજ મારૂં કાર્ય સિદ્ધ થયું હું સમજીછું, માટે આપ કૃપા કરી ઉપાય બતાવો.

ચેલો—ગુરૂજી યહ લડાકાકા કહનાં મુનાસીબ હૈ.

ગુરૂ—બચ્ચા તેરા ભાઇકું દેખનેકી ઇચ્છા હૈ?

ચંદ્ર—મહારાજ મારા ભાઇને દેખાડો હું આપનો આભારીછું.

ગુરૂ—દેખ બચ્ચા. (સુન્દર પત્થર થયેલાનો દેખાવ બતાવેછે.)

ચંદ્ર—અહાહા! પ્યારા ભાઈ તારી આવી દશા! (મળવા દોડેછે.)

ચેલો—(અટકાવીને) અરે! તુમ મિલનેકું દોડતા હય મગર વોહ નઝદીક નાહી હૈ.

ચંદ્ર—(ગુરૂને) હે મહાત્મા! હે યોગીંદ્ર મુકુટમણિ!! હું આપનો દાસાનુદાસ છું કૃપા કરીને કહો કે મારા ભાઇની આવી અવસ્થા કેમ થઇ?

ગુરૂ—તેરા ભાઈ શિકાર [illegible] ગયાથા વોહ રસ્તા ભૂલા ઔર કંચનપુરીકા રાજાકા બગીચેમેં [illegible] સંસ્કારસેં જા પહોંચા. ઔર ઉધર રાજાકી કન્યાસેં તેરે ભાઇકા ગાંધર્વ લગ્ન ભયા દરમ્યાન જાદુગર આયા વોહ જાદુગર રાજકન્યાકું દેખ સ્તબ્ધ બન ગયા વોહ જાદુગરને જાદુસેં તેરા ભાઇકો યહ દશા કરદી.

ચંદ્ર—અહાહા!! શું એક જાદુગર મારા ભાઇને પત્થર બનાવી તેની સ્ત્રીનું હરણ કરી ગયો, હાય! (છાતી સાથે હાથ અફાળેછે.) ક્યારે એનું વેર લેઉં, અને મારા ભાઇને તથા ભાભીને મુક્ત કરાવું. (ગુરૂને) મહારાજ કૃપા કરીને મારો ભાઈ આ દશાથી મુક્ત થાય તે માટે ઉપાય બતાવો. હું આપનો શરણ છું.

ગુરૂ—બચ્ચા ચંદ્ર. તેરી દીનતા, ઔર વાક્ચાતુર્યતા ઔર લાવણ્યતા ઔર દૃઢ નિશ્ચય દેખ કર મેં તેરેપર બહુતહી ખુશ હુવા હું, શ્રવણ કર. દેખ ચંદ્ર વોહ જાદુગર વિદ્યામેં બહુતહી કાબેલીયત

ધરાવતા હે, હિમાલય પર્વતકે શિખરપે ઉસકી ગુફા હૈ, વોહ ગુફાકે દ્વારકા અવલકી બાજુપે દો પર્વત હૈ. વો દો પર્વતકી ભીતર એક છોટીસી ગુફામેં તોતેકા સુનાકા પિંઝરા હય, ઉધર બડે ભયંકર રાક્ષસકી ચૌકી રહતી હય, વો રાક્ષસકું મારકે પ્રથમ વોહ તોતેકા પિંઝરા કબ્જ કરનાં, વોહ તોતા જબ તેરે હાથમેં આયા, વોહી બખ્ત સમજનાં કે જાદૂગર તેરા દાસ બન ગયા. પીછે દૂસરે પહાડકું તોડ દેનાં, તોડ કરકેં જબ અંદર જાયગા તબ તેરેકું વોહ ગુફા દેખનેમેં આવેગી, દેખ ચંદ્ર મેં તેરેપર પ્રસન્ન હોકેં યહ દો દંડ દેતા હું યહ દંડસેં તુમ વોહ દો જો પર્વત હે ઉસકું બી તોડ દેગા, ઔર જો ઇચ્છા રખેગા, વો સબ સિદ્ધ હો જાયગી, ઔર તેરા ભાઈ બી તુઝે મિલેગા, વૈસા મેરા આશીર્વાદ હે.

ચંદ્ર—(પ્રણામ કરે છે.) ગુરૂ મહારાજ આપ સરખા મહાત્માની કૃપાવડે શું અશકય છે ? કશું નથી.

ચેલો—ચલા જા અબ તેરા બેડા પાર હો ગયા, ગુરૂ કૃપાસે તેરા કાર્ય સિદ્ધ હો ગયા.

ચંદ્ર—(બન્નેને પ્રણામ કરી ભાઈની શોધમાં જાય છે.)

જોગી—(ગાતા ગાતા ચાલ્યા જાય છે.)

(૨૨)

એક સચ્ચા સચ્ચા હે તું વિશ્વપતિ રે, મિથ્યા જગતકા મામલા. એક.
દેખી તે સુખદ દીસે, વૈભવ આદિ પ્રકાર;
પિચ્છે વિપદ્દ નિકસે, જરા ન હોવે સાર.
મોહક રચના વેહ અવનિપેં, દેખકે મન લોભે લલચાય.
જૈસે મધુકર ચંપ કલીમેં ડાંશ ભરા જા કે ફસ જાય;
કરકે, દઢ મન, વેહી, નિરંજન, અભયપદ દાતા. એક.

(પડદો પડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—(રાજ સભા.)

પાત્ર—રાજા, પ્રધાન, સેનાધિપતિ ને પાછળથી વૈદ્ય તથા અન્ય દરબારી મંડળ અને વિજય વગેરે.

રાજા—પ્રધાનજી યુવરાજ ગુમ થયો, એક તો એ દુઃખ અને તેના શોધ માટે ચંદ્ર ગયો તે પણ આવ્યો નહિ જેથી મારૂં હૃદય નિરંતર બળ્યા કરે છે, ચેન પડતું નથી, કોઈ પણ કાર્યમાં મન લાગતું નથી, પુત્ર વિના આ રાજ પાટ વૈભવ શા કામના ? સર્વ મને વિષ સમાન લાગે છે, પુત્ર વિયોગના શોકથી દિવસે દિવસે મારૂં આંખનું તેજ ઘટવા લાગ્યું છે, મને પુરૂં દેખાતું પણ નથી.

પ્રધાન—મહારાજા કુમારની શોધ માટે બીજો રસ્તો લઈશું. પરંતુ આપનાં નેત્રના સંબંધમાં રાજ વૈદ્ય સાથે વાત કરતાં તેમણે કહ્યું કે, સિંહલદ્વીપમાં પ્રિયાગૌરી નામે ગંધર્વની કન્યા છે, તેના બાગમાં સૂવર્ણની સરખી પ્રભાનું [illegible] ઝાડ છે, તે ઝાડને લાવી ઉપચાર કરવામાં આવે તો આપના નેત્રના વ્યાધિ શાન્ત થાય તેમ છે.

સેનાધિપતિ—મહારાજ પ્રધાનજીનું કહેવું બરાબર છે, માટે તે વાસ્તે બંદોબસ્ત કરવો જોઇએ.

વૈદ્યરાજ—નામદાર તે ઝાડ આવેથી અવશ્ય આપની આંખનો વ્યાધિ દૂર થશે, પણ તે લાવવું મુશકેલ છે.

પ્રધાન—વૈદ્યરાજ મહારાજાને માટે ગમે તે યત્ને કરી લાવવા ચુકીશું નહિ.

સેનાધિપતિ—વૈદ્યરાજ સત્તા આગળ મુશકીલ, એ તે તમે શું બોલો છો ?

પ્રધાન—નામદાર એ ઝાડ લાવવા માટે આ સભામાં બીડું ફેરવો ?

રાજા—પ્રધાનજી તમારૂં કહેવું બરાબર છે, કદાચ ધારો કે એ ઔષધને લીધે હું દેખતો થઇશ, પણ તેથી પુત્ર સંબંધી મારો

ખેદ કંઈ ઓછો થવાનો નથી, તમારા સર્વના આગ્રહપરથી બીડું ફેરવું છું

(૨૩)

કોઈ સકળ જનોની માંહે રે, હાં બીડું ગ્રહણ કરનારો,
સારો, તનથી, મનથી, હું ગણું પ્રીતિનું પાત્ર એ છે ખરે.
ઝટપટ કહો તજીને શરમ, ભરમ. કોઈ.
વૃક્ષ સૂવર્ણનું સિંહલ દ્વીપથી, જઈ લાવવું અહિ,
વિકળ ચિત્ત તવ થાશે શાન્તી, મનન કરી વદો હૃદય મહિ.
ખરી, ધરી, હિમ્મત દિલમાં. કોઈ.

વિજય—(બીડું લઇને.) મહારાજા ધિરાજ આપનો સેવક હજુરમાં હાજર છે, હું મારા મિત્ર ચંદ્રની તથા ઝાડની શોધ કરી જલદીથી પાછો આવું છું.

રાજા—પ્રધાનજી ધન્ય છે તમારા પુત્ર વિજયને મિત્રતાનો ધર્મ જાળવવા પોતાના મિત્ર ચંદ્રને શોધવા જાય છે, તેમજ મારૂં લુણ હક કરવા માટે [illegible] ઝાડની શોધમાં જાય છે. શાહબાસ છે આવા પુત્ર રત્નને.

પ્રધાન—મહારાજ એમાં તેણે કંઈ વિશેષ કર્યું નથી.

સૈનાધિપતિ—ધન્ય છે પ્રધાનજી તમને તથા તમારા પુત્ર વિજયને, જે નોકરો પોતાના ધણીનું લુણ ખાઈ ખરાં અંતઃકરણથી વિકટ વખતમાં નોકરી બજાવતા નથી તેવા નામજાદાઓને ફિટકાર છે.

વિજય—મહારાજા મને આજ્ઞા આપો હું મારા પ્રવાસની તૈયારી કરૂં.

પ્રધાન—(સ્વગત.) (૨૪)

હર્ષ ધ્વની અંતરમાં [illegible]ટી, સુણી તનુજ પ્યારાં વાક્યો;
નામ પ્રકાશીત મારૂં કર્યું તે, કૂળતણો ધર્મજ રાખ્યો. હર્ષ.
નિમક હક કરવાને નિડર થઈ, કામ અતૂલ કરવા ભાખ્યો. હર્ષ.
આશીર્વાદ હું આપું તુજને, વિજય સદા રહેશે વાધ્યો. હર્ષ.

પ્રધાન—હે જગત નિયંતા પરમ કૃપાળુ પરમેશ્વર મારા પુત્રને તેની ધારેલી ધારણામાં ફતેહ કરાવી તેનું મુખ અવલોકન કરવાનો સમય સત્વર આપજે, મહાન પિતા તે તારે શરણે છે.

રાજા—પુત્ર વિજય ખુશીથી એ કાર્ય્ય કરી વહેલો આવજે. (પ્રધાનને) પ્રધાનજી ખજાનચીને આજ્ઞા આપી તેને મુસાફરી ખર્ચનો બંદોબસ્ત કરો.

પ્રધાન—જેવો હુકમ.

પ્રધાન—પુત્ર વિજય, આ કાર્ય્યમાં જય મેળવી જલદી આવજે, આપણા ધણીના કામ માટે કદાચ દેહ પડી જાય તો પણ શું થયું ? માટે વિકટ વનનાં દુઃખથી ન કંટાળતાં કાર્ય્ય કરી પુત્ર વહેલો આવજે.

વિજય—પિતાજી આપના શુભાશીર્વાદથી અને ઈશ્વર કૃપાથી તે કાર્ય્ય કર્યા વગર હું પાછો આવનાર નથી મારૂં અંતઃકરણ સાક્ષી આપે છે કે, આ કાર્ય્યમાં હું યશ સંપાદન કરીશ. પૂજ્ય પિતાજી જે કાર્ય્યમાં મનોવૃત્તી ઉત્સાહ [illegible] હોતી, તે કાર્ય્ય સિદ્ધ થતું નથી, પરંતુ આ કાર્ય્ય માટે મને સ્વાભાવિક ઉત્સાહ થઈ રહેલો છે. પિતાજી ઈશ્વર કૃપા અને મનુષ્યજાત્ન પાસે એવું કોઈ પણ કાર્ય્ય નથી કે તેમાં ફતેહ ન મેળવી શકીએ, માટે આપને નમન કરી રજા માગું છું. (જાય છે.)

રાજા—પ્રધાનજી કચેરી બરખાસ્ત કરો.

પ્રધાન—ચોપદાર કચેરી બરખાસ્ત.

ચોપદાર—આસ્તે કદમ. (પડદો પડે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—(રસ્તો.) પાત્ર—વિજય એકલો.

વિજય— (૨૫)

અહા દાસત્વ કરવાને વિદેશે વિચરૂં આજે,
સ્વામીની આજ્ઞા અને નિજજ્ઞાતિ, અભિમાન કુળની લજ્જા પાળવા;

ભ્રમીશ પ્રીતે વેરાન નીતિને સસતા માટે, વિભૂસહાય મારી થાજે.

અહાહા ! હું કેવો ભાગ્યશાળી કે મિત્રતાની ફરજ બજાવવાનો શુભ સમય મને પ્રાપ્ત થયો, હું ખરા અંતઃકરણથી મહાન પિતા પરમેશ્વર પાસે યાચના કરૂં છું કે, હે મહાન પિતા આ સમયમાં જેવી મારી નિર્મળ બુદ્ધિ છે, તેવી હમેશાં રાખજે અને તેજ સદ્‌બુદ્ધિએ સર્વને વિચરાવજે. પણ હા ! આવા અમીરો પોષાકથી દેશાટન કરવું એ ઘણું જોખમ ભરેલું છે. માટે યોગી વેશ ધારણ કરવો એ વધારે ઠીક છે; કારણકે તે વેશથી તમામ સ્થાન જોઈ શકાશે. (કફની પહેરે છે.)

(૨૬) સાખી દક્ષીણી.

ચંદ્ર ચડ્યો તું કઈ દિશામાં, બંધુ ખોળને ધારી.
જળમાં જંગલમાં કે સ્થળમાં, હશે ગતિ શી ત્હારી.
દિન બાળકની, થજે વ્હારે, શ્રી સ્વામી.

(ગાતો ગાતો ચાલ્યો જાય છે.) (પડદો પડે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ— [illegible]ની ગુફા.

પાત્ર—ચંદ્ર-પક્ષીથી પોપટનું પાંજરૂં, જાદૂગરને પ્રિયાગૌરી.

ચંદ્ર—ગુરૂ કૃપાએ અહિં સુધી તો આવી પહોચ્યો, અને ગુરૂ મહારાજે કહેલી જગ્યા તો આજ હોવી જોઇએ, માટે ગુરૂ મહારાજના આપેલા દંડનો સામેના પર્વતપર ઉપયોગ કરી જોઉં. (દંડ મારતાં પહાડનું ફાટવું અને પાંજરાનું દેખાવું) ગુરૂ મહારાજની કહેલી નિશાની મુજબ પોપટનું પાંજરૂં તો છે, માટે ચાલ પ્રથમ તો પોપટને કબજે કરૂં. (પાંજરાને લે છે) હવે પોપટ તો હાથ લાગ્યો, માટે ચાલ હવે [illegible] પહાડને ફોડું. (એમ કહી દંડથી બીજો ત્રોડે છે.) (ને [illegible] જુવે છે.) અરે ! આ ગુફામાં તો કોઈ જણાતું નથી, માટે ચાલ હજુ પણ આગળ જઈ અંદર તપાસ કરૂં. (એમ કહી આગળ જાય છે તેટલામાં તો જાદૂગર પ્રિયાગૌરી સહિત ગાતો ગાતો આવે છે.) તેને ચન્દ્ર સન્તાઇને જૂવે છે.

(૨૭)

જાદૂગર—મધુ સુંદરી તું હૃદય વસી, જશે હઠીલી તું હવે ક્યાં ખસી;
ન્યારી, પ્યારી, મારી, નારી, અલબેલી, વારી, તારી, છબી, પરગુણ ઘેલી.
આપ આલિંગન ચિતથી હસો, મધુર સુંદરી;
ચિત્તથી, હિતથી, રીતથી, મ્હારૂં હર અવસર તુંને દિલથી,
બાંધ્યો પ્રેમ ગ્રન્થીએ કસી. મધુ.

પ્રિયાગૌરી— (૨૮)

પ્રાણ જતાં ચુકું ન કદા શિયળ હું, લાજે દૂધ, માતુ કુખ;
લગાર થનાર નહિ તારા મનનું ધાર્યૂં.
દાઝું છું દિલે, જોઈ તુંને નફ્ટ, જા તું અહિંથી પાપી દૂર. (૩)
અગ્નિ માંહી બળી જાયે, કદી મારી કાય,
ધર્મ મારો નહિ ચુકું જીવ ભલે જાય. પ્રાણ.

જાદૂગર—અરે! હઠીલી સ્ત્રી હજુ માનતી નથી અને મને ધિક્કારે છે તો હું જોઉં છું કે મારા સપાટામાંથી તું કેમ બચવા પામે છે.

પ્રિયાગૌરી—અરે! જા [illegible], નાદાન તને ઈશ્વરનો ડર નથી, કે એક નિર્દોષ અબળા ઉપર જુલમ ગુજારી કઠોર શબ્દ પ્રહાર કરી તેને દુઃખ આપે છે, તને સતકોટિ ધિઃક્કાર છે, નીચ, પાતકી તું સ્વપ્નમાં પણ મારી આશા રાખે એ વ્યર્થ છે, તું એમ ધારતો હોઈશ કે તારા આ જુલમથી હું તારે શરણ થાઉં, પણ ના ના પ્રાણ જતાં હું તારે વશ થનાર નથી, નીચ તું વૃથા શ્રમ શા માટે કરે છે! તું યાદ રાખજે કે સત્યનો હમેશાં જય છે, માટે સત્યની વ્હારે ઈશ્વર આવ્યા વગર રહેનાર નથી માટે નાદાન, નફ્ટ તારૂં મુખ અદીઠ કરી દૂર જા.

જાદૂગર—એમ છે તો હું જોઉં છું કે, કોણ તાણ તારી વારે આવે છે. (પકડે છે.)

પ્રિયાગૌરી—અરે! કોઈ આ દુષ્ટના પંઝામાંથી છોડાવો, છોડાવો. આ ગરીબ અબળાની વ્હારે આવો. વાઘના પંજામાંથી ગયાને

બચાવો. આ દુષ્ટના જુલમથી બચાવો, હે પરમેશ્વર હું તારે શરણ છું.

ચંદ્ર—અરે ! દુષ્ટ હેવાન અબળાપર તારૂં જોર દેખાડે છે, નફટ–નાદાન તું એમ સમજે છે કે સતિની વારે કોઈ આવતુંજ નથી. પણ નાના તેમ સમજતો નહિ. આ હું ત્હારો કાળ ત્હારી સામેજ ઉભો છું. હમણાં તને જમપુરીની ભેટ કરાવું છું. માટે તારામાં શૂરાતન હોય તો થા જલદી તૈયાર.

જાદુગર—અરે ! નિચ નાહક બકવાદ કરી શા માટે મોત માગી લે છે. તું અહિંથી ચાલ્યો જા. તને તારા કાળેજ અહિં મોકલ્યો છે, નાદાન તું શા માટે અત્રે આવ્યો છે.

ચંદ્ર—અરે ! નરાધમ, તારા કાળેજ મને અત્રે મોકલ્યો છે, અને તારો પ્રાણ લેવો એજ મારૂં કામ છે. માટે જો આ તારો પોપટ અને આલે તારો જાન. (બન્ને ને લડાઈ થતાં જાદુગર મરણ પામેછે.)

પ્રિયાગૌરી—અરે ! મારાં શિયળનું તથા મારા પ્રાણનું રક્ષણ કરનાર વીર પુરૂપ આપ કોણછો ? આપ કોઈ ગંધર્વ પુત્ર છો ? કે કોઈ દેવ મનુષ્ય સ્વરૂપ ધારણ કરી [illegible] ણ માટે આવ્યા છો હું આપની આભારી છું આપ અને અહિ [illegible] આવી પહોચ્યા તે કૃપા કરી કહો.

ચંદ્ર—હે સુશીલ સ્ત્રી, હું એ ; મંદભાગ્યનો રાજકુમાર છું. મારો મોટો ભાઈ શિકારે ગયેલો તેનો પતો ન લાગવાથી તેના શોધ માટે નિકળ્યો છું, અને તેનો શોધ કરતો કરતો અચાનક આ સ્થાનમાં આવ્યોછું.

પ્રિયાગૌરી—તમારા વડિલ ભાઇના કંઈસમાચાર મળ્યા કે નહિ?

ચંદ્ર—ના હજુ કશો પતો મળ્યો નથી, પણ એવી ખબર મળી છે કે, કોઈ જાદુગરે મંત્ર બળે પત્થર બનાવ્યો છે.

પ્રિયાગૌરી—ભાઈ તમારા મોટા ભાઇને જાદુગરે શા માટે પત્થર બનાવ્યા.

ચંદ્ર—મારા ભાઇની સ્ત્રીપર એ જાદુગરે બદદાનત કરી મારા ભાઇને પત્થર બનાવી તેની સ્ત્રીનું હરણ કરી ગયો.

પ્રિયાગૌરી—વારૂ ત્યારે તમારા મોટા ભાઇનું નામ કૃપા કરીને કહેશો ?

ચંદ્ર—મારા ભાઇનું નામ જાણવાની તમને કંઈ જરૂર છે?

પ્રિયગૌરી—કાંઈ જરૂર તો નહિ પણ સહેજ તમોને નામ આપવામાં કંઈ હરકત છે?

ચંદ્ર—કશી પણ હરકત નથી.

પ્રિયગૌરી—ત્યારે આપ મને કહો કે આપના ભાઇનું નામ શું છે?

ચંદ્ર—મારા વડિલ ભ્રાતાનું નામ સુન્દરસેન છે.

પ્રિયગૌરી—(આવાં ચન્દ્રના વચન સાંભળી એકદમ મૂર્છા ખાઈ પડી ગઈ.) જરા વારે સાવધ થઇને કહ્યું કે હુંજ તમારા ભાઇની સ્ત્રી છું અને આ જે જાદુગરને આપે મારી નાંખ્યો તેણેજ આપના ભાઇને પત્થર બનાવી મુકેલ છે. તે સ્થળે આપ પધારો હું આપને બતાવું (એમ કહી મુર્છા ખાઇને પડી જાય છે.)

ચંદ્ર—તમે જરા અકળાશો નહિ. ધિરજ રાખો, પ્રભુ સર્વ સારૂં કરશે. આટલો પતો લાગ્યો તો હવે તો કામ જરા બાકી રહ્યું છે. જગદમ્બા આપણી સહાય કરશે.

(એમ કહી બન્ને માતાજીની [illegible] કરતાં ચાલ્યા જાય છે.)

(ર. ન)

શ્રી શ્રેયસ્કરી, જય હે વિશ્વેશ્વરી. (મહેશ્વરી મયા કરી ભંડાર દે ભરી,
કળિ કલ્મષ અઘ ઓઘ શોક સહુ, દધિ નન્દની કર દુર:
ત્રિવિધ તાપ ઝટ કાપ આપતું, સકલ સુખો ભરપૂર. શ્રી.
શેષ, મહેશ, સુરેશ, પ્રજેશને, નર, નરેશ યોગેશ,
પ્રણમે પદ પંકજ અતિ પ્રેમે, હરવા દુઃખ હમેશ. શ્રી.
પતિત પાવની અધમ ઉદ્ધારિણી, પ્રણત પાળ જગપાળ,
અશરણ શરણ દીન દુઃખ હરણ તું, ભક્ત વત્સળ ગુણમાળ. શ્રી.
બિરૂદ સત્ય જો હે બિરૂદાળી, તો તુજ બિરૂદ સંભાળ,
વરદાયિની વર વરદઈ વેગે, સુખી કરો [illegible] જઆળ. શ્રી.
જન મનરંજન દુઃખ દળ ગંજન, ભવ ભય ભંજનહાર.
અકળ કળાધર અતુલિત બળદા, જય જય જગદાધાર. શ્રી.

(સમાપ્તોયં.)

અમારા તરફથી "મિત્રસંવાદ" તથા "વૈદકસાર સંગ્રહ" બહાર પડનાર છે.

જાહેર ખબર.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે, અમારા તરફથી "સુન્દર-પ્રિયા" નો પ્રથમ ભાગ પ્રકટ થઇ ચૂક્યો છે, અને તેના બીજા બે ભાગ અમારા તરફથી થોડા સમયમાં પ્રસિદ્ધ થશે. માટે જે ગૃહસ્થોને તે લેવાની આકાંક્ષા હોય તેમણે ત્વરાથી પોતાનું નામ લખી મોકલવું, અને તે સાથે તેની કિમ્મત તથા પોષ્ટેજ મોકલવા ભુલવું નહિ. આ ત્રણ ભાગના જેઓ પ્રથમથી ગ્રાહક થયા હશે તેઓને પ્રત્યેક ભાગ એક આને એટલે ત્રણે ભાગ ત્રણ આનામાં મળશે, અને પાછળથી જે ગ્રાહક થશે તેઓને ત્રણે ભાગ છુટક છુટક લેશે તો નવ આના એટલે કે પ્રત્યેક ભાગના ત્રણ આના અને જો ત્રણે ભાગ સાથે મંગાવશે તો આઠ [illegible] પોષ્ટેજ માફ. માટે જેઓને ત્રણે ભાગ [illegible] હોય તેવા ગ્રહસ્થોએ ડીસેમ્બર સને ૧૮૯૮ ની તા. ૩૧ મી સુધી પોતાનું નામ ઠામ પોષ્ટ વગેરે ચોક્કસ રીતે શુદ્ધ અક્ષરે લખી મોકલવું, ને તે સાથે પોષ્ટેજ તથા કિમ્મત મોકલી આપવા ચુકવું નહિ.

કર્તા.

અમદાવાદ—યુનિયન પ્રેસ કંપની ટંકશાળ.

જલદી નામ નોંધાવો.

મિત્રસંવાદ—કિમ્મત આઠ આના. વૈદકસાર સંગ્રહ—કિમ્મત છ આના.

ઠેકાણું—મોતીલાલ રણછોડદાસ પટેલ. દરિયાપુર આંબલીપોળ અમદાવાદ.